# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૮/ક્વા-૩/૧૯-૨૦/૮૨૭૧–e** **તા.૧૭–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૮/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **ઓડેદરા રાજાભાઈ ગાંગાભાઇ** ગામ: ભાણવડ
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેમના પુત્ર ઓડેદરા વનાભાઈ રાજાભાઈ હાજર રહેલ હતા.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર.વિ.સોમાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૦૩-૧૨-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૩-૧૨-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ઓડેદરા રાજાભાઈ ગાંગાભાઇ ગામ -ભાણવડ, તેઓની અરજીના નોંધણી નં: ૮/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓ ગ્રાહક નં.–૩૨૮૦૧/૧૦૪૭૫/૨ થી ઘરવપરાશ વીજજોડાણ ધરાવે છે. મીટર રીડર દ્વારા વીજબીલ બનાવાયેલ ત્યારે રીડીંગ વધુ બતાવતા હોય – મીટર બદલવા અંગે ની નોંધ મુજબ – સદર મીટર બદલાવી આપેલ – જે મીટરની લેબોરેટરી ચકાસણી માટે ૦૩ તારીખમા હાજર રહેવા જણાવેલ – અન્યથા જે નિર્ણય આવે તે માન્ય રહેશે – તે મુજબ પ્રથમ મુદતની તારીખમા મીટરની લેબોરેટરી ચકાસણી માટે હાજર રહેલ – તેમા મીટર મા કોઈ ફોલ્ટ જણાયેલ નથી – તેમ જણાવેલ. ત્યારબાદ ૦૬ માસ સુધી લોક બીલ આવેલ છે. ત્યારબાદ, આવેલ વીજબીલમાં સીધુ રૂ.૩૧,૫૬૬/૪૧ આવેલ – જે ખુબ મોટી રકમ નુ હોય – ભાણવડ પેટા વિભાગીય કચેરીમાં રજુઆત કરેલ – તે મુજબ અરજી આપેલ – તેમજ એમ.આર.આઈ. અહેવાલ ની માંગણી કરેલ – આમ, ફરીયાદ કરવા છતા – પીજીવીસીએલ દ્વારા વીજજોડાણ કાપવા આવેલ – જેથી **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે **અરજદાર શ્રી ઓડેદરા રાજાભાઈ ગંગાભાઈ રે. ભાણવડ ગ્રાહક નંબર ૩૨૮૦૧.૧૦૪૭૫.૨ થી ઘર વપરાશ ના હેતુ નું સિંગલ ફેઈજ વીજ જોડાણ ધરાવે છે. અરજદાર ની ફાસ્ટ મીટર ની ફરિયાદ ને આધારે ૦૩.૦૧.૨૦૧૯ ના આધારે મીટર બદલાવ્યા બાદ રીડિંગ તફાવત ની રકમ રૂપિયા ૩૧૫૬૬.૪૧ નિયમીત બિલ માં મળતા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.**

3.૧ •**અરજદાર દ્વારા ફાસ્ટ મીટર બદલવા રૂપિયા ૧૦૦/- રસીદ નંબર ૫૨૭૧૧૯ તારીખ ૨૨.૧૧૨૦૧૮ રોજ ભરપાઈ કરેલ છે.**

•**તારીખ ૦૩.૦૧.૨૦૧૯ ના રોજ અરજદારનું મીટર બદલાવેલ છે (પ્રોફોર્મા ૧૫ માં છેલ્લા રીડિંગ ૧૫૭૨૮ દર્શાવેલ છે)**

•**તારીખ ૧૧.૦૧.૨૦૧૯ ના રોજ લેબ રોજકામ મુજબ છેલ્લા રીડિંગ ૧૫૭૨૮ છે અને મીટર બરાબર (OK) છે જે MRI રિપોર્ટ મુજબ પણ બરાબર છે.**

•**માહે માર્ચ એપ્રિલ 2019 બિલ્ડ ઇન મે ૨૦૧૯ ના નિયમત બિલ માં તફાવત ના રીડિંગ (૧૫૭૨૮-૧૧૯૪૦ = ૩૭૮૮ ) ૩૭૮૮ અને નિયમિત બિલ ના રીડિંગ ૫૫૯ મળી કુલ ૪૩૪૭ યુનિટ નું રૂ.૨૯૨૭૭.૧૭ નું બિલ અરજદાર ને આપેલ છે.**

•અરજદાર દ્વારા માહિતી અધિનિયમ ૨૦૦૫ હેઠળ માગેલ માહિતી અન્વયે પ્રોફોર્મા ૧૫, લેબ રિપોર્ટ, MRI રિપોર્ટ, છેલ્લા બે વર્ષ નો બિલિંગ રેકોર્ડ ની માહિતી ભાણવડ કચેરી દ્વારા પત્ર નંબર બીએસડી/રેવ/૫૭૫૮ તારીખ ૦૬.૦૯.૨૦૧૯ થી આપેલ છે આમ અરજદાર ને આપવામાં આવેલ બિલ બરોબર છે.

3.૨ સદર ગ્રાહકને લેબ રિપોર્ટ મુજબ અગાઉ બીલના રીડિંગના તફાવતનું (4347)યુનિટનું બીલ રૂપિયા 29277.17/-નું બીલીંગ સાયકલ માર્ચ-એપ્રિલ બિલ્ડઇન મે માં કંપનીના નિયમ મુજબ તા.11.05.2019 ના રોજ આપેલ છે.જેમાં અગાઉ લોક બીલ આપેલ હતા તે યુનિટ નિયમ મુજબ બાદ આપેલ છે. ત્યારબાદ સદર ગ્રાહક ને બદલાવેલ મીટરના રીડિંગ મુજબ 354 યુનિટનું બિલ આપેલ એટલે આગળના બાકી 29270.૨+2296.21=31566.41/-નું કુલ બિલ 27-06-2019ના રોજ કંપનીના નિયમ મુજબ આપવામાં આવેલ છે.

3.3 અરજદાર ની અરજીમાં મુદા નંબર-2 માં જણાવ્યા મુજબ સદર ગ્રાહક એમ.આર.આઇ.રીપોર્ટ રોજે-રોજના રીડિંગ મુજબનો માંગેલ,પરંતુ સદર મીટર 2012નું વર્જન હોય એટલે સદર મીટરનો એમ.આર.આઈ. રીપોર્ટ રોજે-રોજનો આવેલ નથી,પરંતુ સદર મીટરનો એમ.આર.આઈ. છેલ્લા છ માસનો દર માસનો આવેલ છે તેમજ ઉપરોક્ત મીટરનો એમ.આર.આઈ. દર માસનો છ માસ કરતાં વધારે સમયનો પણ આવેલ નથી.આ બાબતે સદર ગ્રાહકને તેની મૌખિક રજૂઆતના અનુસંધાને અત્રેની કચેરી દ્વારા અધીકારીઑ દ્વારા રૂબરૂ તથા તેમની લેખિત અરજીના અનુસંધાને તેમને પેટા વિભાગીય કચેરીના આઉટવર્ડ પત્ર નંબર BSD/REV/TECH/5758 06.09.2019 થી એમ.આર.આઈ.ની નકલ આપવામાં આવેલ છે.

આમ ઉપરોક્ત બતાવ્યા મુજબ સદર ગ્રાહકનું વીજમીટર બદલાવેલ તે લેબ પરીક્ષણમાં એક્યુરેસી ટેસ્ટમાં બરોબર માલૂમ પડેલ છે. તેમજ એમ.આર.આઈ.રીપોર્ટ પણ બરાબર માલૂમ પડેલ છે. એટલે મીટર બદલેલ ત્યારે જે રીડિંગ આવેલ તથા છેલ્લા બિલિંગના રીડિંગનો તફાવત લોક બીલના રીડિંગ બાદ આપીને કંપનીના નિયમ મુજબ બીલ આપવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર શ્રી ઓડેદરા રાજાભાઈ ગંગાભાઈ રે. ભાણવડ ગ્રાહક નંબર ૩૨૮૦૧.૧૦૪૭૫.૨ થી ઘર વપરાશ ના હેતુ નું સિંગલ ફેઈજ વીજ જોડાણ ધરાવે છે.**

૪.૨ અરજદાર ની ફાસ્ટ મીટર ની ફરિયાદ ને આધારે તારીખ ૦૩.૦૧.૨૦૧૯ ના રોજ અરજદારનું મીટર અરજદાર ની હાજરીમાં બદલાવેલ છે તે મુજબ સદર મીટર નો લેબોરેટરીમા ચકાસણી માટે તા.૧૧–૦૧–૧૯ ના રોજ હાજર રહેલ છે. જેના અહેવાલ મુજબ ની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.03.01.19 | New Meter Dt.03.01.19 | Old Meter-As per MTLab Dt.11.01.19 |
|---|---|---|---|
| **Make** | **L&T** | **EPPELTONE** | **L&T** |
| Meter No | PGST 1024798 | PGST 3866273 | PGST 1024798 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 15728 | 2 | 15728 |
| REMARKS | પર્ફોમા –૧૫ નંબરઃ ૯૫૦૪ | | Accuracy test found ok and MRI report is downloaded |

પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ એમ.આર.આઈ. અહેવાલ તેમજ પી.આર.ટી.–૧૪૫ મુજબ – નોંધાયેલ વીજવપરાશી યુનીટ ની વિગત નીચે મુજબ છે.

| **AS PER BILLING CYCLE** | | **AS PER MRI** | |
|---|---|---|---|
| BILLING DATE | CURRENT READING | DATE | CURRENT READING |
| 02-07-18 | 11640 | 31-07-18 | 14518.23 |
| 31-08-18 | 11940 | 31-08-18 | 14814.48 |
| | | 30-09-18 | 15113.49 |
| 30-10-18 | 11940 (L) | 31-10-18 | 15399.84 |
| | | 30-11-18 | 15625.06 |
| 07-01-19 | 11940 (L) | 31-12-18 | 15722.09 |
| | | 31-01-19 | 15729.01 |

પી.આર.ટી.–૧૪૫ મુજબ વર્ષ વાર અને માસ વાર વીજવપરાશ નીચે મુજબ નોંધાયેલ છે.

| **Month/ Year** | **2015** | | | **2016** | | | **2017** | | | **2018** | | | **2019** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **C.R.** | **Status** | **unit** | **C.R.** | **Status** | **unit** | **C.R.** | **Status** | **unit** | **C.R.** | **Sta tus** | **unit** | **C.R.** | **Status** | **unit** |
| Jan-Feb | 5935 | | 194 | 8117 | | 189 | 9734 | | 152 | 10989 | | 409 | 11940 | L | 0 |
| Mar-Apr | 6331 | | 396 | 8600 | | 483 | 9734 | L | 200 | 11299 | | 310 | 559 | C | 4347 |
| May-Jun | 6784 | | 453 | 8821 | | 221 | 9734 | L | 200 | 11640 | | 341 | 913 | | 354 |
| Jul-Aug | 7189 | | 405 | 9133 | | 312 | 10350 | | 616 | 11940 | | 300 | 1309 | | 396 |
| Sep-Oct | 7659 | | 470 | 9389 | | 256 | 10580 | | 230 | 11940 | L | 320 | | | |
| Nov-Dec | 7928 | | 269 | 9582 | | 193 | 10580 | L | 210 | 11940 | L | 320 | | | |
| TOTAL | | | 2187 | | | 1654 | | | 1608 | | | 2000 | | | |

૪.૩ સદર કેઈસ મા – ઉપરોક્ત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે મીટર રીડર દ્વારા લેવાયેલ – મીટર રીડીંગ અને એમ.આર.આઈ. અહેવાલ મુજબ નોંધાયેલ રીડીંગ વચ્ચે તફાવત જોવા મળે છે. **તારીખ ૧૧.૦૧.૨૦૧૯ ના રોજ લેબ રોજકામ મુજબ છેલ્લા રીડિંગ ૧૫૭૨૮ છે અને** લેબ પરીક્ષણમાં એક્યુરેસી ટેસ્ટમાં બરોબર માલૂમ પડેલ છે. તેમજ **મીટર બરાબર (OK) છે જેનો MRI રિપોર્ટ પણ બરાબર છે.** સદર ગ્રાહક ને બદલાવેલ મીટરના રીડિંગ મુજબ 354 યુનિટનું બિલ આપેલ એટલે આગળના બાકી 29270.૨+2296.21=31566.41/-નું કુલ બિલ 27-06-2019 ના રોજ લોક બીલના રીડિંગ બાદ આપીને કંપનીના નિયમ મુજબ બીલ આપવામાં આવેલ છે જે બીલ નિયમને સુસંગત હોય રદ કરી શકાય નહિ.

વધુમાં સદર કેઈસ મા – સ્પષ્ટ થાય છે કે – જે તે સમયના મીટર રીડર દ્વારા મીટરના રીડીંગ નું વાંચન મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ ન કરેલ હોવાથી સદર તકરાર ઉભી થયેલ છે જેથી કસુરવાર કર્મચારી / મીટર રીડીંગ એજન્સી વિરુદ્ધ નિયમ મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવી.

પીજીવીસીએલ દ્વારા અરજદારને ૦૪(ચાર) સરખા વ્યાજ વગરના માસિક હપ્તા સદર ઓર્ડરની તારીખથી કરી આપવા જે અરજદારે નીયમાધીન ભરપાઈ કરવાના રહેશે તેમજ સદર વિવાદિત બીલની રકમમાં ઉક્ત સમયમર્યાદા સુધી વિલંબિત ચાર્જ લાગુ પડશે નહિ અન્યથા નિયમ મુજબ વિલંબીત ચાર્જ લાગુ પડશે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ ફેસલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯